# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

તા.૧૪/૧૨/૨૦૧૮

ક્રમાંક: યોજના/PreMatScholarship/૨૦૧૮/૫૧૪

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ
ભાવનગર

વિષય : પ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિમાં શાળાવાર બાકી રહેતા વિદ્યાર્થીઓની દરખાસ્તો બનાવવા બાબત.

સંદર્ભ : ૧) વિકસતી જાતીની કચેરી પત્રાંક: નં.વિજાક/શિક્ષણ/૧૮-૧૯/૭૧૪૯, તા.૧૫/૧૧/૨૦૧૮
૨) વિકસતી જાતીની કચેરી પત્રાંક: નં.વિજાક/શિક્ષણ/૧૮-૧૯/૭૧૪૮, તા.૧૫/૧૧/૨૦૧૮
૩) કમિશનર શાળાઓની કચેરી પત્રાંક: શિક્ષણ/શિષ્યવૃતિ/૨૦૧૮-૧૯/૨૫૬૬૩-૯૬, તા.૨૨-૧૧-૨૦૧૮
૪) કમિશનર શાળાઓની કચેરીના પત્રાંક: હ-૨/સ્કો/૨૦૧૮/૩૬૨૦-૫૯, તા.૦૬-૧૨-૨૦૧૮

ઉપરોક્ત વિષય સંદર્ભે નિયમોનુસારની કાર્યવાહી સમય મર્યાદામાં કરવા જણાવવામાં આવે છે. અન્યથા આમ ન કરવાથી ભવિષ્યમાં જે કઈ પ્રશ્ન ઉપસ્થિત થશે અને **જો કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે શાળાના આચાર્યની અંગત રહેશે તેની નોંધ લેશો.**

બિડાણ- સંદર્ભદર્શિત પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના અમલવારી સારૂ:
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner

ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૮/૩૬૨૦-૫૯
ખાસ જરૂરી
કમિશનર, શાળાઓની કચેરી,
બ્લોક નં:૦૯ ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા.૬/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા- તમામ

વિષય:-Digital Gujarat Portal પર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતી, વિચરતી અને વિમુક્તિ જાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની વર્ષ:૨૦૧૮-૧૯ની ઓનલાઇન દરખાસ્તો તાત્કાલિક મોકલવા બાબત

સંદર્ભ: નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:અજાક /ગ-૧/૫/૧૮-૧૯/૫૬૫૧ તા.૬/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતી, વિચરતી અને વિમુક્તિ જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૧૮-૧૯ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ ગત વર્ષની જેમ Digital Gujarat Portal મારફત કરવાનો થાય છે.

૧. માધ્યમિક શાળાઓને તમામ પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની, તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી થઇ ગયા બાદ રાજ્યકક્ષાએથી જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓની યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની સૂચનાઓ સબંધિત આચાર્યાશ્રીઓને તાત્કાલિક આપવા વિનંતી છે. ગત વર્ષે આચાર્યશ્રીઓને ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિની કામગીરી કરવા જે ID/Password આપવામાં આવેલ હતા તેની જ મદદથી ચાલુ વર્ષે પણ કામગીરી થઇ શકશે જેની જાણ તમામ આચાર્યશ્રીઓને કરવાની રહેશે.

૨. શાળાકક્ષાએ વિદ્યાર્થીઓની એન્ટ્રી કરવાની કામગીરી, પ્રપોઝલ બનાવવાની કામગીરી, પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી તા.૧૫/૧૨/૨૦૧૮ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજન કરવાનુ રહેશે. વધુમાં શાળામાં પાત્રતા ધરાવતો કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહી ન જાય તેની પણ કાળજી લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને સંબધિતો પાસેથી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

યોજના
૧૨/૧૨/૧૮
૫૯૪

Scanned by CamScanner

વધુમાં જે માધ્યમિક શાળાઓમા વિદ્યાર્થીઓની એંટ્રી થઇ ગયેલ છે અને વિદ્યાર્થીઓના બેંક ખાતાનુ વેરીફીકેશન પણ થઇ ગયેલ છે અને ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓની જિલ્લાવાર/તાલુકાવાર/શાળાવાર સંખ્યા દર્શાવતી માહિતી સોફ્ટકોપીમાં આ સાથે સામેલ કરેલ છે. યાદી મુજબની તમામ શાળાઓને તાત્કાલિક સમયમર્યાદામાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવવા આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી છે.

તેમજ જે માધ્યમિક શાળાઓમા જે વિદ્યાર્થીઓના બેંક ખાતા ઇનવેલીડ છે તેવા વિદ્યાર્થીઓની જિલ્લાવાર/તાલુકાવાર/શાળાવાર સંખ્યા દર્શાવતી માહિતી પણ સોફ્ટકોપીમાં આ સાથે સામેલ છે. યાદી મુજબની તમામ શાળાઓને તાત્કાલિક સમયમર્યાદામાં વિદ્યાર્થીઓના ખાતાની માહિતી અપડેટ કરવા આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી છે.

આમ, ઉક્ત બાબતો ધ્યાને લઇ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓએ નિયમોનુસાર કોઇપણ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તેવી કાળજી સાથે ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ની ઓનલાઇન દરખાસ્તો મોકલવાની કામગીરી તા:૧૫/૧૨/૨૦૧૮સુધીમા પૂર્ણ કરવા જણાવવામાં આવે છે..

સંયુક્ત નિયામક
કમિશનર, શાળાઓની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના:

૧. માન. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

૨. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

૩. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

૪. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ

Scanned by CamScanner